નવી સેવા વર્ષ ૨૦૧૮-૧૯
રાજયમાં સેકટર/સેજાની અંદાજીત ૮૦
નવી કચેરીના મકાન બાંધકામ માટે યુનિટ
દીઠ રૂ.૧૨.૩૭ લાખ લેખે કુલ ૧૦ કરોડની
જોગવાઇ માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૮/૫૬/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૯-૦૬-૨૦૧૮

સંદર્ભ:-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૫/૧/૨૦૧૮નો પત્ર ક્રમાંક: આઇસીડીએસ/નવી બાબત/૨૦૧૮-૧૯/જનરલ પ્લાન/સેજા/સેક્ટર ઓફિસ/ બાંધકામ/૩૬૪૯-૫૦/૨૦૧૮

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૪/૪/૨૦૧૮નો પત્ર ક્રમાંક: આઇસીડીએસ/નવી બાબત/૨૦૧૮-૧૯/જનરલ પ્લાન/સેજા/સેક્ટર ઓફિસ/ બાંધકામ/ ૨૦૩૬૮/૨૦૧૮

ઠરાવ:-

સંદર્ભ (૧) અન્વયે રાજયમાં સેકટર/સેજાની અંદાજીત ૨૦૦ કચેરીના મકાન બાંધકામ માટે કુલ રૂ.૧૦ કરોડની જોગવાઇ માટે માટે વર્ષ ૨૦૧૮-૧૯ નવી બાબત તરીકે દરખાસ્ત રજુ કરેલ હતી.

સંદર્ભ (૨) અન્વયે રાજયમાં સેકટર/સેજાની કચેરીના મકાન બાંધકામ માટે યુનિટ દીઠ અંદાજીત ખર્ચ રૂ.૧૨.૩૭ લાખ માટે માર્ગ અને મકાન વિભાગની જરૂરી તાંત્રીક મંજુરી તથા વહીવટી મંજૂરી માટે દરખાસ્ત રજુ કરેલ હતી.

મુખ્ય સ્થપતિ અને નગર નિયોજકશ્રી દ્વારા તૈયાર કરેલ કાર્યકારી નક્શા મુજબ સેક્ટર ઓફીસની બેઝિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખી ટાઇપ ડીઝાઇન તૈયાર કરાવતાં ૬૮.૭૭ ચોરસ મીટર ના એક સેક્ટર ઓફીસ ની અંદાજીત કોસ્ટ રૂ.૧૨.૩૭ લાખ થાય છે. તેથી અંદાજીત ૮૦ સેક્ટર ઓફીસના બાંધકામ માટે રૂ.૧૦.૦૦ કરોડ નો ખર્ચ થાય તેમ છે. સને ૨૦૧૮-૧૯ ના વર્ષ માટે રાજ્યમાં આઇસીડીએસ યોજના અંતર્ગત તાલુકા કક્ષાએ ઘટક

કચેરીના તાબા હેઠળ ફરજ બજાવતા મુખ્ય સેવિકા માટે સેક્ટર/સેજાની કચેરીના મકાન બાંધકામ માટે કુલ રૂ.૧૦,૦૦,૦૦,૦૦૦/- (રૂપિયા દસ કરોડ પૂરા) ની બજેટ જોગવાઈમાંથી નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭)આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) વિભાગે રજૂ કરેલા અંદાજોની સક્ષમ કક્ષાએથી ખરાઇ કરાવી લેવાની રહેશે.

(૯) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નક્ષા/ અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૧૦) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૧) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

(૧૨) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૧૩)આ બાંધકામ સમય મર્યાદામા સંતોષકારક રીતે પૂર્ણ થાય તે માટેની મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવી અને કામની સમિક્ષા અંગે સમાયંતરે બેઠક યોજવાની રહેશે. કામગીરીની પ્રોગ્રેસ રીપોર્ટ વખતોવખત વિભાગને રજુ કરવાની રહેશે.

(૧૪) વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૧૫) જ્યારે અને જરૂર જણાયે તથા શક્ય બને ત્યારે ભારત સરકારનું ફંડ મેળવવાનું નિશ્ચિત કરવાનું રહેશે.

(૧૬) જમીન ઉપલબ્ધ કરવાની કામગીરી સંબંધિત જિલ્લા પંચાયત દ્વારા થાય છે.

(૧૭) રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી ક્લીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલા જરૂરી ચોકસાઇ કરી લેવાની રહેશે.

(૧૮) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૯) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૨૦) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઇ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નં. :- ૧૦૬

મુખ્ય સદર :- ૪૨૩૬-પોષણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ

પેટા મુખ્ય સદર :- ૦૨ પોષણયુક્ત આહાર અને પીણાનું વિતરણ

ગૌણ સદર :- ૮૦૦ અન્ય ખર્ચ.

પેટા સદર:- ૦૧-એનટીઆર-૫ નમૂનારૂપ આંગણવાડીનું બાંધકામ

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૧૯-૬-૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ

1. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
2. માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
3. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
7. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
8. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
9. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
10. વિભાગના સર્વે શાખાઓ
11. સિલેક્ટ ફાઇલ